...જાહેરમાં મિટિંગ ભરવા કોઈ મંડળી, રેલી કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમ ફરજ પર સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યક્તિને, ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તિઓ, કોઈ લગ્નના વરઘોડાને તથા સ્મશાન યાત્રા અને ખાસ કિસ્સા તરીકેની પરવાનગી આપી હોય તેને લાગુ પડશે નહીં. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિને ફોજદારી અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ ૩ તથા ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ના પ્રકરણ ૧૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

ગંભીર બનાવોના કારણે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે જેથી જાહેર જનતા તેમજ ખાસ મહિલાઓ - બાળકીઓ પોતાને સુરક્ષિત સમજે અને નિર્ભય થઈને ઘરની બહાર જઈ શકે તેમજ હરી ફરી શકે તે માટે ભરૂચ શહેરી વિસ્તાર તથા સમગ્ર ભરૂચ જિલ્લામાં આવેલ સ્કૂલ, કોલેજ, ટ્યુશન ક્લાસીસ તથા મહિલા હોસ્ટેલની ૫૦ મીટર સુધી જાહેર માર્ગ ઉપર કોઈપણ ... વાહન ચાલકો-ડ્રાઈવરો જેમની પાસે ઓળખપત્ર હોય તેવા, વાલીઓ, તથા વ્યાજબી કારણથી આવતા વિદ્યાર્થી તથા વાલીઓને લાગુ પડશે નહીં. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. તેમ ભરૂચ જિલ્લા કલેક્ટર દ્વારા એક જાહેરનામાં દ્વારા જણાવવામાં આવ્યુ છે.

...અનુસંધાન યુવા મતદારો વધુમાં વધુ લાભ લે તે હેતુથી તા.૭-૪-૨૦૧૫ ના રોજ સાંજના ૪.૦૦ કલાકે કલેક્ટર કચેરી ભરૂચના સભાખંડમાં બેઠક રાખવામાં આવેલ તેમ નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી ભરૂચની એક યાદીમાં જણાવાયુ છે.

પ્રિસ્ટેજ, ભાભિશ્વર ગાયત્રી સોસાયટી, રામરાજ્ય સોસાયટી, સીતાનગર પુણ્યાગમથી જય વેલનાથબાપુની પુણ્યતિથી નિમિત્તે જય વેલનાથ મંડળના પ્રમુખ બાબુભાઈ મકવાણા, વહીવટ કર્તા અર્જુનભાઈ વાઘેલા, બસીભાઈ ગોહકીયા, વલ્લભભાઈ રાઠોડ, સોમાભાઈ મકવાણા જય વેલનાથ મહિલા મંડળ જય વેલનાથ યુવક મંડળ તરફથી ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું નિમંત્રણ પાઠવે છે. કાર્યક્રમને સફળ બનાવવા સમાજને સંગઠીત કરવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# વડાપ્રધાન મોદીના સોલાર મિશનની શરૂઆત ભરૂચના સુડીથી થઈ

- દેશનો પહેલો એવો પ્લાન્ટ કે જેમાં વીજળી પેદા કરવાની સાથોસાથ ઉગાડી શકાશે અનાજ અને શાકભાજી, બની શકે દેશ માટે રોલ મોડલ
- સોલારિઝમ પ્લાન્ટથી આકર્ષાઈને ગુજરાતના એનર્જી અને પેટ્રોલિયમ ડિપાર્ટમેન્ટના પ્રિન્સિપલ સેક્રેટરી એલ. ચુઆન્ગોએ લીધી મુલાકાત

ભરૂચ



સુડીના કે.પી. ગ્રુપ દ્વારા ભરૂચ-જંબુસર રોડ પર આવેલા સુડી ગામ પાસે 'સોલારિઝમ'ના નામથી સોલાર દ્વારા વીજળી ઉત્પન્ન કરવાનો પ્રોજેક્ટ ૨૬૦ એકર જમીન પર નાંખવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્ન અનુરૂપ બનાવાયેલા આ પ્લાન્ટમાંથી ૫૦ મેગાવોટ્સ વીજળી ઉત્પન્ન કરાશે. ૧ મેગાવોટ્સમાં ૪૦૦૦ પેનલ બેસાડવામાં આવે છે. ૫૦ મેગાવોટ્સ થકી એક વર્ષમાં ૮.૫કરોડ યુનિટ પેદા કરવાનું આયોજન છે. આ પ્રોજેક્ટની ખાસિયત એ છે કે તેમા સોલાર દ્વારા વીજળીની સાથોસાથ તેની નીચેની ઉપજાવ જમીનમાં ખેતી કરી ઘઉં, મગ અને વિવિધ શાકભાજીના પાક લઈ શકાશે. જેથી, ખેતી લાયક જમીનનો પણ બે પ્રકારે યોગ્ય ઉપયોગ કરી શકાશે. તેની આ જ વિશેષતાથી આકર્ષાઈને ગુરુવારના રોજ ગુજરાતના એનર્જી અને પેટ્રોલિયમ ડિપાર્ટમેન્ટના પ્રિન્સિપલ સેક્રેટરી એલ. ચુઆન્ગોએ તેમની ટીમ સાથે આ પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી અને તેની જીણવટભરી જાણકારી કેપી ગ્રુપના ચેરમેન ફારુકભાઈ પટેલ પાસેથી મેળવી હતી. ચુઆન્ગો આ પ્રોજેક્ટથી ખૂબ જ પ્રભાવિત થયા છે અને તેઓ કેન્દ્ર સરકારમાં તેનો રિપોર્ટ કરશે. જેથી, જમીનના બેવડા ઉપયોગવાળી યોજના અમલી બનાવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સોલાર દ્વારા ૧૦૦ ગીગા વોટ્સ વીજળી પેદા કરવાના સપનાને સાકાર કરી શકાય. કેપી ગ્રુપના ચેરમેન ફારુકભાઈ પટેલે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટનો વિચાર અમને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૧૦૦ ગીગા વોટ્સ વીજળી પેદા કરવાના સ્વપ્ન પરથી આવ્યો છે. પણ અમે ઉપજાવ જમીનને વ્યર્થ જવા દેવા માંગતા ન હતા જેથી, અમે સોલાર પેનલની જમીનનો ઉપયોગ ખેતી માટે કરવાનું શરૂ કર્યું અને અમને સફળતા મળી. અમે પ્રાથમિક તબક્કે પાંચ મેગાવોટ્સ પ્લાન્ટની જમીન પર ઘઉં ઉગાડ્યા અને તેમાં અમને સફળતા મળી. અમે ૩૦૦ ક્વીન્ટલ ઘઉંનો પાક લણ્યો. એ જ રીતે અમે થોડા વિસ્તારમાં મગ, ભીંડી, રિંગણ, સહિતના શાકભાજી પણ ઉગાડી લણ્યા છે. સફળતા મળતા અમે પુરા પ્લાન્ટમાં અનાજ-શાકભાજી ઉગાડીશું અને દેશને રાહ ચિંધશું.

ફારુકભાઈએ વધુમાં કહ્યું હતુ કે, જો અમારી પદ્ધતિથી સોલાર પ્લાન્ટ નંખાય તો વડાપ્રધાન મોદીના ૧૦૦ ગીગા વોટ્સ વીજળી પેદા કરવા માટે માત્ર દેશની ૧ ટકા જ જમીનનો વપરાશ થાય અને ખેતીને પણનુકશાન પણ ન થાય. કેપી ગ્રુપના સીઓઓ એસ. હંસને વધુ પ્રકાશ પાડતા કહ્યું હતુ કે ગુજરાતની વિશેષતા એ છે કે અહી ૩૬૫ દિવસમાંથી ૩૩૦ દિવસ સૂર્યના કિરણો મળે છે. જેથી, સોલારથી વીજળી ઉત્પન્ન કરવામાં અહીંની વાતાવરણ ખૂબ પ્રતિકૂળ છે. દેશમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં સોલારથી વીજળી પેદા કરવામાં સારી સફળતા મળી શકે છે. હાલ ૩૫૦૦૦ ગામો અને ૩૦ કરોડ લોકો સુધી હજી વીજળી પહોંચી નથી. તે માત્ર સોલારથી સંભવ છે. અત્યારસુધી દેશમાં ૩૦૦૦ મેગા વોટ્સ વીજળી સોલારથી ઉત્પન્ન થાય છે.